અરવલ્લી જિલ્લાના સરડોઈ નગરમાં પ્રજાસત્તાક દિન કેમ એમ શાહ હાઈસ્કૂલના પટાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધ્વજવંદન શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નારાયણ પ્રસાદ, ઈશ્વરસિંહ ચાવડા વરસોડાના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે સામાજિક કાર્યકર રાજપાલસિંહ અનિલસિંહ તરફથી રમતગમતક્ષેત્રે આગવી પ્રાપ્ત કરનાર રમતવીરોને જેકેટ તથા સ્પોર્ટશૂઝ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઈડર નાગરિક સહકારી બેંકનો સુવર્ણ જયંતિ સમારોહ યોજાયો

કોંગ્રેસના રાજમાં સહકારી બેંકોના ઉઠમણાના સમાચાર સામાન્ય થઇ ગયા હતા આ સરકારે સહકારી ક્ષેત્રને ઉત્તરોત્તર મજબૂત બનાવ્યું છે : મુખ્યમંત્રી

ઈડર, તા.૩૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતે જ ઊદ્યોગ અને સહકાર બેય ક્ષેત્રે અગ્રેસરતા પ્રસ્થાપિત કરવાનું ગૌરવ મેળવ્યું છે એમ સ્પષ્ટપણે જણાવ્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સમાન હેતુ માટે સામૂહિક પ્રયાસોના પગલે રચાતી સહકારી વૃત્તિ-પ્રવૃત્તિ સર્વગ્રાહી વિકાસના મૂળમાં છે અને આ ભાવના જ સામૂદાયિક વિકાસથી સૌના સાથ સૌના વિકાસના મંત્રને સાકાર કરે છે.

મુખ્યમંત્રીશ્રી સાબરકાંઠાના ઈડરમાં ધી ઈડર નાગરિક સહકારી બેન્કના સુવર્ણજયંતિ ઉજવણી સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. આ બેન્કની સ્થાપના ૧૯૬૯માં થઈ હતી. ૧૬૫૮૦ સભાસદો અને ૨૬૨ લાખના શેરભંડોળ સાથેની આ સહકારી બેંક ગ્રાહકોને ડિઝીટલ બેન્કીંગની સેવાઓ પણ પૂરી પાડે છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સાથે સરપ્રભાત હાઈસ્કૂલમાં રૂ. ૫૦ લાખના નવનિર્મિત જૂડો હોલ

લોકાર્પણ કર્યુ હતું.

તેમણે ઈડર પાંજરાપોળની પ્રત્યક્ષ મૂલાકાત લઈને ગૌ માતાને ઘાસચારાનું નિરાણ કરીને ખોળ ખવરાવ્યા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સહકારી બેન્કીંગ ક્ષેત્ર હવે નાના માણસની મોટી બેંકના રૂપમાં વિસ્તર્યુ છે અને આગવી શાખ-વિશ્વાસની મૂડી ઊભી કરી છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

ઈડર સહકારી બેંકનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઈડર સહકારી બેંકે ૫૦ વર્ષ પુર્ણ કર્યા છે. તેની આ અડીખમ સેવામાં બેંકની નિસ્વાર્થ સેવા દેખાય છે. પોતાની મરણમૂડી મૂકનાર ખાતેદારનો વિશ્વાસ ટકાવી રાખવાનું કામ બેંકે સુપેરે પાર પાડયું છે અને હજી ચાલુ છે તે અભિનંદનીય છે.

તલોદ પાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયું

તલોદ, તા. ૩૧

દેશની ૭૦માં પ્રજાસત્તાક પર્વની તલોદનગર પાલિકા દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામાં

આવી હતી. તલોદ માર્કેટયાર્ડના પ્રાંગણમાં પાલીકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકી દ્વારા રાષ્ટ્રગીત ગાઈ ધ્વજને સલામી આપી ધ્વજવંદન કરી સ્વામી વિવેકાનંદની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી નગરના વિવિધ વિકાસ અંગે ઝાંખી કરી હતી. લારી-ગલ્લાવાળાઓને કાયમી ધોરણે વ્યવસ્થા કરી ૮૨ જેટલી દુકાનોને આગામી ૧૩ ફેબ્રુઆરીએ જાહેર હરાજી કરી કાયમી કરવાના પ્રયાસો કરવાની પણ ખાતરી આપી હતી.

કાર્યક્રમમાં પાલિકા અધ્યક્ષ બાબુભાઈ પટેલ, કાઉન્સીલરો, માર્કેટયાર્ડ કર્મચારીગણ પાલિકાના કર્મચારીઓ, વેપારીઆલમ, નગરના અગ્રણીઓ, લારીગલ્લાના વેપારીઓ, ખેડૂત મિત્રો, શાળાકીય સંસ્થાના શિક્ષક અને સંચાલક મંડળ ઘણીજ મોટી સંખ્યામાં દેશના ઘડવૈયાઓને યાદ કરી પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

કાંકરેજ તાલુકાના ચીમનગઢ ખાતે સર્વે રોગ નિદાન કેમ્પ યોજાયો

ગુજરાત સરકાર દ્વારાલોકો માટે વિના મૂલ્યે માં અમૃતમ યોજનાનો લાભ મળે છે ત્યારે

ચીમનગઢ ખાતે વિનય વિદ્યામંદિર માં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ પાલનપુર દ્વારા સંચાલિત બનાસકાંઠા મેડિકલ કોલેજ ીહઙ્ઘ રિચર્સ ઈન્સ્ટિટ્યૂટ પાલનપુર દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ ને થરા એપીએમસી ચેરમેન અ ણદા ભાઈ પટેલ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો આવેલા દર્દીઓને સમયસર વિના મૂલ્યે સારવાર કરી હતી અને ચા પાણી નાસ્તો આપવામાં આવ્યો હતો ત્યારે આજુબાજુના વિસ્તારમાં આવેલા ગામડાં ના લોકોને લાભ મળ્યો હતો આ પ્રસંગે કાંકરેજ તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલિયાતર. ઈશ્વરભાઈ પટેલ પૂર્વ પ્રમુખ ભાજપ .મનશુખભાઈ પટેલ સહિત અન્ય લોકો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન રઘુભાઈ ચૌધરી એ કર્યુ હતું. આંખ.લકવો. ડાયાબિટીસના દર્દીઓ માટે આ મફત સેવા કેમ્પ એક વખત પોતાના જીવનમાં સફળતા મળે તેવી આશા સાથે સમ્પન થયો હતો અને ૩૦૦ કરતાં વધારે લોકો એ લાભ લીધો હતો.

વડાલી ખાતે યોજાયેલ પ્રજાસત્તાક દિને પ્રાંતિજ તાલુકા શિક્ષણાધિકારીનુ સન્માન

સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે યોજાયેલ ૭૦માં પ્રજાસત્તાક પર્વના

દિવસે હિંમતનગર તાલુકાના લાલપુરના વતની અને પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાને મંત્રીના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં જ દિલ્હી ખાતે પણ ઈનોવેશન માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર આપી માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકર અને રાજ્યમંત્રી ડૉ. સત્યપાલસિંહના હસ્તે રાષ્ટ્રીય પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કંપની સમાચાર

ઝહીર ખાન ફેરિટ ક્રિકેટ બેશ (એફસીબી)ને અમદાવાદના આંગણે લાવ્યા

દેશની સૌથી મોટી એમેચ્યોર ક્રિકેટ લીગ ફેરિટ ક્રિકેટ બેશના સહસ્થાપક અને ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી ઝહીર ખાન, સ્થાપક જસમીત ભાટિયા અને સહસ્થાપક મિતેશ શર્માએ તાજેતરમાં અમદાવાદની મુલાકાત લીધી હતી તથા શહેરના સંખ્યાબંધ ભાવિ ક્રિકેટરોને પ્રેરણા પૂરી પાડી હતી. આ અનોખી ઈવેન્ટના ભાગરૂપે ઝહીરે અરિહંત ઈન્સ્ટિટ્યૂટના ઘણા વિદ્યાર્થીઓ સાથે રૂબરૂ વાત કરી હતી તથા તેમને પ્રેરણા પૂરી પાડી હતી. સાથે જ તેમણે અમદાવાદના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તેમના સ્વપ્નોને અનુસરવા માટે તથા લીગમાં ભાગ લઈને ક્રિકેટ રમવાના તેમના ઉત્સાહને દર્શાવવા માટે એફસીબી દ્વારા રજૂ કરવામાં આવેલી ખાસ તક જીતવા માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

દિગ્ગજ ક્રિકેટર અને એફસીબીના સહસ્થાપક ઝહીર ખાનના જણાવ્યા પ્રમાણે 'ગુજરાતમાં આવવું મને હંમેશા ગમે છે, કારણ કે મારી કારકિર્દીની કેટલીક અભૂતપૂર્વ ક્ષણો ગુજરાત સાથે સંકળાયેલ છે. વિદ્યાર્થીઓ સાથે સમય પસાર કરવાની ઘણી મજા આવી. મે શરૂઆતના સમયગાળામાં સેંકડો ક્રિકેટ ઉત્સાહીઓ સાથે પસાર કરેલા દિવસોની યાદ તાજી થઈ ગઈ છે.'

ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ માઈક્રોસોફ્ટ ચેનલ પાર્ટનર્સ, આઈએએમસીપીનાં ગુજરાત ચેપ્ટરનો પ્રારંભ

વિશ્વનાં સૌથી મોટા સ્વતંત્ર માઈક્રોસોફ્ટ પાર્ટનર એસોસિએશન-ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર માઈક્રોસોફ્ટ ચેનલ પાર્ટનર્સ (આઈએએમસીપી)નાં ગુજરાત ચેપ્ટરનો આરંભ થયો છે. માઈક્રોસોફ્ટ ઈન્ડિયાના જનરલ મેનેજર-પાર્ટનર ઈકોસિસ્ટમ રાજીવ સોઢી દ્વારા ગુજરાત ચેપ્ટરનો આરંભ કરવામાં આવ્યો હતો. આઈએએમસીપીનાં ગુજરાત ચેપ્ટરની પ્રથમ મિટીંગ પણ આજે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યની બહારનાં માઈક્રોસોફ્ટ પાર્ટનર્સ પણ ભાગ લઈ શકે છે. આજે યોજાયેલી મિટીંગમાં ગુજરાતનાં ૫૦થી પણ વધુ પાર્ટનરોએ ભાગ લીધો હતો.

રાજીવ સોઢીએ તમામ પાર્ટનરોને આવકારીને આઈએએમસીપી, અમદાવાદ (ગુજરાત પ્રદેશ)નાં ચેપ્ટર બોર્ડ ટીમની ઓળખ આપી હતી. આઈએએમસીપીના ગુજરાત ચેપ્ટરની રજૂઆત કરતા મને આનંદ થાય છે . માઈક્રોસોફ્ટની સફળતા તેના પાર્ટનરો અને તેમના નાવિન્યપૂર્ણ સોલ્યુશન્સ તરફ આધાર રાખે છે. જે અમારા ગ્રાહકોને વૃદ્ધિ તરફ દોરી જાય છે. ગુજરાતની ઉદ્યોગ સાહસિક ઉર્જા જાણીતી છે અને અમારા પાર્ટનરો સંસ્થાઓને ખાસ કરીને એસએમબીએસને મદદરૂપ થવા તૈયાર છે. આઈએએમસીપી ચેપ્ટર તેના પાર્ટનરોને એક છત્ર નીચે લાવીને તેમના જોડાણનું સંવર્ધન કરશે અને તેમની શ્રેષ્ઠ પ્રેક્ટીસનું આદાનપ્રદાન કરશે.

ખબરે અનોખી...

- **બેવફા ચા વાળો**
  ઉત્તરપ્રદેશના લખનઉમાં એક એવી ચાની દુકાન આવેલી છે. જે યુવાનો માટે પસંદગીનું સ્થળ બની ગઈ છે. આ ચાની દુકાનનું નામ છે બેવફા ચા વાળા. અહીં પ્રેમી પંખીડાઓ અને પ્રેમમાં દગો મેળવનાર લોકો માટે ચાની રકમ અલગ-અલગ રાખવામાં આવી છે.
- **કુંભમાં ૧૫૦ મહિલા બનશે નાગા સાધુ**
  ગુરૂવારે પંચ દશનામ જૂના અખાડામાં ૧૫૦ મહિલા નાગા સાધુ બનશે. આ માટે હવન પૂજન ચાલુ છે. દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વરોપનંદ સરસ્વતીની અધ્યક્ષતા હેઠળ આજે ત્રણ દિવસ પરમધર્મ પરિષદનો અંતિમ દિવસ છે. આ ઉપરાંત આજે રામ મંદિરના શિલાન્યાસની તારીખ પણ જોર થઈ શકે છે.
- **સીબીઆઈ ડિરેક્ટર પદને પડકારતી અરજીની સુનાવણીમાંથી ૩ જજ દૂર**
  સુપ્રિમકોર્ટમાં નાગેશ્વર રાવની સીબીઆઈના વચગાળાના નિર્દેશક રૂપે નિયુક્તિને પડકારતી અરજી પર સુનાવણી દરમિયાન જસ્ટિસ એન.વી. રમણે પોતાને અલગ કરી દીધા છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ એ.કે. સીકરી બાદ આ મામલામાંથી બહાર નીકળનારા સુપ્રીમ કોર્ટના આ ત્રીજા જજ છે.
- **હવે પ્રિયંકા ચોપરા 'ઓશો'ની શિષ્યા 'શીલા'નું પાત્ર ભજવશે**
  અભિનેત્રી પ્રિયંકા ચોપરા હાલ કેટલીક ફિલ્મોની શૂટિંગમાં વ્યસ્ત છે. તેઓ પોતાની આગામી ફિલ્મમાં પ્રખ્યાત અને વિવાદિત આધ્યાત્મિક ગુરૂ 'ઓશો'ની શિષ્યા માં આનંદ શીલાનુ પાત્ર ભજવશે. જે તે સમયે શીલા રજનીશ ઓશોના પ્રવકતા હતા. એક સમયે માં શીલા પર કેટલાક લોકોની હત્યાના આરોપ પણ લાગ્યા હતા. પ્રિયંકાએ કહ્યું હતું કે હાલ તેઓ બેરી લેવિનસન સાથે આ પ્રોજેક્ટ વિશે વાટાઘાટો કરી રહી છે.
- **દિપીકા બની ''એમએએમઆઈ'' ફિલ્મ ફેસ્ટીવલની ચેરપર્સન**
  દિપીકા પાદુકોણને મુંબઈ એકેડમી ઓફ ધ મુવિંગ ઈમેજ એટલે કે એમએએમઆઈ ફિલ્મ ફેસ્ટીવલની અધ્યક્ષ બનાવવામાં આવી છે. ચેરપર્સન બનવા પર દિપીકાએ ખુશી વ્યક્ત કરી છે. દિપીકા પહેલા આ પદ પર આમીરખાનની પત્ની કિરણ રાવ હતા. કિરણ રાવ આગામી ફિલ્મ પ્રોજેક્ટમાં વ્યસ્ત છે એટલે તેમણે આ પદ છોડ્યુ છે.
- **'નારી શક્તિ' ઝિંદાબાદ**
  આખરે ઓક્સફર્ડ ડિક્ષનરીએ પણ નારી શક્તિ શબ્દ માન્યો. છેલ્લા ઘણા સમયથી આપણા દેશમાં નારી શક્તિ ઝિંદાબાદના નારા ગુંજે છે. ચારેબાજુ મહિલા સશક્તિકરણને વેગ આપવામાં આવે છે. હવે આ શબ્દને ગ્લોબલ લેવલે સ્થાન મળી ગયુ છે. ઓક્સફર્ડ ડિક્ષનરીએ નારીશક્તિને વર્ષ ૨૦૧૮નો 'હિન્દી શબ્દ' પસંદ કર્યો છે. આ જાહેરાત જયપુર લિટરેચર ફેસ્ટીવલમાં કરવામાં આવી હતી.
- **લેકમે ફેશન વિક**
  લેકમે ફેશન વિકમાં રેમ્પ વોક દરમિયાન યામી ગૌતમ પડી જતા માંડ-માંડ બચી ગઈ. હકીકતમાં જ્યારે યામી રેમ્પ પર ઉતરી તો તેના કપડા સેન્ડલમાં ગુંચવાઈ ગયા હતા અને સ્ટેજ પર રેમ્પ વૉક કરતા તે લપસી જતા બચી ગઈ હતી. જોકે તેણે ખૂબ સારી રીતે પોતાની જાતને સંભાળી લીધી અને રેમ્પ પૂર્ણ કર્યુ હતુ.

રોટરી ક્લબ ઓફ ડીસા દ્વારા સ્વેટર અને દફતરનું વિતરણ

રોટરી ક્લબના વિન્સ પ્રોગ્રામ અંતર્ગત રોટરી ક્લબ ઓફ ડીસા દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારની પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને સ્વેટર અને દફતરનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ ડીસાના પ્રમુખ પ્રવિણભાઈ વ્યાસ, સેક્રેટરી મયુરભાઈ ઠક્કર, પ્રોજેક્ટ ચેરમેન વિક્રમભાઈ ઠક્કર, વિષ્ણુભાઈ શર્મા તેમજ મિલનભાઈ ઠક્કરે બાળકોને હાથોહાથ સ્વેટર અને દફતરનું વિતરણ કર્યું હતું. શાળા પરિવારે પણ રોટરી ક્લબના આ સત્કાર્યની સરાહના કરી હતી.

કડીના જાણીતા દાનવીર - કોટન ઉદ્યોગપતિ ડાહ્યાભાઈ પટેલનું અવસાન

કોટન ઉદ્યોગમાં વૈશ્વિકસ્તરે ખ્યાતિ ધરાવતા અને ઔદ્યોગિક ક્ષેત્રે કડી નગરને કોટનસીટી તરીકે વિકસિત કરનાર દાનવીર ઉદ્યોગપતિ શેઠ ડાહ્યાભાઈ પટેલનું ગુરૂવારે અવસાન થતા કડી શહેર તેમજ ઉદ્યોગક્ષેત્રમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. કોટન ઉદ્યોગના ભીષ્મપિતાનુ બિરૂદ પામેલા શેઠ ડાહ્યાભાઈ પટેલ કોટન ઉદ્યોગની સાથે સાથે શિક્ષણ અને સમાજ ઉત્કર્ષની વૈવિધ્યપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહ્યા હતા.

શિક્ષણ સંસ્થાઓ સહિત ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓને માતબર રકમનુંદાન આપવામાં હંમેશા અગ્રેસર રહેલા પાટીદાર રત્ન શેઠ ડાહ્યાભાઈ દાનવીર ઉદ્યોગપતિ તરીકે ખુબજ જાણીતા હતા. ઓછો અભ્યાસ-સામાન્ય પરિસ્થિતિમાંથી સંઘર્ષ અને પડકારોનો સામનો કરી આગવી કોઠાસુજથી સાહસિકતાથી આગળ વધી કોટન ઉદ્યોગમાં સફળતા મેળવી સમૃદ્ધિના શીખરે પ્રસ્થાપિત થયેલા શેઠ ડાહ્યાભાઈ પટેલ સ્વભાવે વિનમ્ર સાદગીને વરેલા નિરાભિમાની વ્યક્તિત્વ ધરાવતા હતા. કોટન ઉદ્યોગના વિકાસ માટે સતત પરિશ્રમ કરી કોટન ક્ષેત્રના ઉદ્યોગકારોને સંગઠીત કરવા તેમણે ગુજરાત કોટન સીડ્સ એન્ડ જીનીંગ પ્રેસીંગ ઉદ્યોગ એસોસિએશન સ્થાપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હતું. વર્ષે આ એસોસિએશનનું વાર્ષિક અધિવેશન તેમના દ્વારા કોટનસીટી કડી માજ યોજાતુ રહ્યુ છે. શિક્ષણ સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓ અને હોસ્પિટલોમાં માતબર રકમના દાનની સરવાણી વહાવી સત્કાર્યોની સુવાસ ચોમેર પ્રસરાવી ૭૫ વર્ષની ઉંમરે શેઠ ડાહ્યાભાઈ પટેલનું અવસાન થતા કોટનસીટી કડીમાં શોકનો માહોલ છવાયો છે.

પંજાબ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર એગ્રીકલ્ચર સપોર્ટ એન્ડ ગેમ્સ મીટ ૨૦૧૮-૧૯માં એથલાન્ટિક સ્પર્ધામાં મોડાસા તાલુકાના લીંભોઈ ગામના અને જૂનાગઢ કૃષિ યુનિ.માં એમ.એસ.સી. એગ્રિકલ્ચર કરતા જૈમિન ધીરજભાઈ પટેલે ભારતભરમાંથી આવેલા રમતવીરોને હરાવી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરતા ગોલ્ડમેડલ મેળવી અરવલ્લી જિલ્લા સહીત લીંભોઈ ગામનું સમગ્ર દેશમાં નામ રોશન કરતા અભિનંદનની વર્ષા વરસી હતી.

અંદાજપત્ર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મર્યાદાને વધારીને વધારી શકે છે. મોટા ભાગના લોકો ઇચ્છે છે કે ટેક્સ છુટછાટની મર્યાદાને ૨.૫ લાખ રૂપિયાથી વધારી દેવામાં આવે. બજેટમાં કૃષિ ક્ષેત્રમાં રોકાણ અને મોટા માળખાકીય પ્રોજેક્ટ પર ખર્ચ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. રોજગાર પર ખાસ ધ્યાન રહેશે. નાણાંપ્રધાન આવકવેરા સલેબમાં કેટલાક ફેરફાર કરી શકે છે. આ વખતે નોટબંધી અને જીએસટીના કારણે આર્થિક વિકાસની ગતિ ધીમી પડી છે. સાથે સાથે મોટા ભાગના ક્ષેત્રોમાં પણ મંદી આવી છે. આવી સ્થિતીમાં આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય તમામ જરૂરી સેક્ટરોની માગને પૂર્ણ કરવા માટે નાણાં પ્રધાન સંતુલિત પ્રયાસ કરે તેમ માનવામાં આવે છે. સામાન્ય લોકો નોટબંધી અને જીએસટીના કારણે ખુબ મુશ્કેલીમાંથી પસાર થઈ ચુક્યા છે. જેથી તેમના માટે પણ કેટલીક આકર્ષક રાહત જાહેર કરવામાં આવી શકે છે. પગારદાર વર્ગ દ્વારા પણ અપેક્ષા રાખવામાં આવી રહી છે. વચગાળાના બજેટમાં બચતને પ્રોત્સાહન આપવામાં આવી શકે છે. બજેટમાં સામાન્ય લોકો ઘણી બધી અપેક્ષાઓ રાખી રહ્યા છે. નોટબંધી બાદ રિયલ એસ્ટેટ સેક્ટરમાં પણ મંદી પ્રવર્તી રહી છે જેથી આ સેક્ટરમાં તેજી લાવવાનો પણ પડકાર રહેલો છે. આ ઉપરાંત હાઉસ પ્રોપર્ટી માટેની આવકને લઈને પણ કેટલીક જાહેરાતો થઈ શકે છે. બજેટમાં અન્ય કેટલીક જોગવાઈઓને લઈને તમામ લોકો પોતપોતાની રજૂઆતો કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં મે મહિનામાં સત્તામાં આવ્યા બાદ મોદી સરકાર તેનુછઠ્ઠુ અને અંતિમ બજેટ રજૂ કરનાર છે. જેમાં મધ્યમ વર્ગ, ખેડુત વર્ગ, અને યુવા વર્ગને ખુશ કરવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. બજેટમાં વ્યક્તિગતો અને કંપનીઓને ટેક્સમાં કેટલીક રાહત મળી શકે છે. ટેક્સના સ્લેબ અથવા તો મુક્તિ મર્યાદાના પાસામાં ફરી સમીક્ષા કરવામાં આવી શકે છે.

તેમાં ફેરફાર કરીને વ્યક્તિગતો અને કંપનીઓને કેટલીક રાહત સરકાર આપી શકે છે. દેશમાં વધુ રોકાણ કરવા માટે કંપનીઓને પ્રોત્સાહન આપવા નવી પહેલ થઇ શકે છે. ટેક્સ નિષ્ણાંતો માને છે કે મોદી સરકાર આ દિશામાં પહેલ કરી શકે છે. બજેટમાં સંરક્ષણ ક્ષેત્ર માટે ફાળવણીમાં વધારો પણ કરી શકે છે. આશરે ૧૦ ટકા વધારો સંરક્ષણ ફાળવણીમાં કરવામાં આવી શકે છે. મોદી સરકાર બજેટમાં આ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી શકે છે. નરેન્દ્ર મોદી સરકાર રાજ્યોને વધારે સત્તા આપવા ઇચ્છુક દેખાઇ રહી છે. ભારતના વિકાસમાં રાજ્યોની ભૂમિકા વધારે મજબુત બને તેવી ઇચ્છા મોદી સરકાર ધરાવે છે. બજેટમાં આનો સંકેત આપવામાં આવી શકે. જુદા જુદા મંત્રાલયોના બજેટમાં પણ જંગી ઘટાડો કરવામાં આવી શકે છે. યોજના અને બિન યોજનાખર્ચ વચ્ચેના અંતરને લઇને નવી નિતી જાહેર કરવામાં આવી શકે છે. સામાજિક સેક્ટરને યોજના ફાળવણીમાં કાપ મુકાશે નહી પરંતુ રાજ્યોને આમાં ભૂમિકા અદા કરવા માટે કહેવામાં આવશે. .વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકાર બજેટ રજૂ કરતી વેળા આ વખતે મેક ઇન ઈન્ડિયા કોન્સેપ્ટ પર ખાસ નજર રાખશે. સ્ટીલ સેક્ટરમાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાની માંગ થઇ રહી હતી. શિસ્તમાં રહેતા કરદાતાઓને રાહત આપવાના હેતુસર એચએનઆઈ પર વધારાના ટેક્સ લાગૂ કરવામાં આવી શકે છે.કૃષિને વિશેષ મહત્વ અપાઈ શકે છે.ઈન્કમ ટેક્સ રેટને લઈને સામાન્ય લોકોમાં હમેંશા ચર્ચા રહે છે. નવી પરંપરા શરૂ થઇ ચુકી છે. જેના ભાગરૂપે આ વખતે પણ ફેબ્રુઆરીના અંતિમ દિવસના બદલે ફેબ્રુઆરીના પ્રથમ દિવસે બજેટ રજૂ કરવામાં આવનાર છે. બજેટમાં ગ્રામીણ ક્ષેત્ર અને રોજગાર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. આ બન્ને પાસા પર મોદી સરકાર હાલના વર્ષોમાં ફ્લોપ રહી રહી છે. છેલ્લા કેટલાક સમયથી ખેડુતો આંદોલન પણ કરતા રહ્યા છે. ખેડુત સમુદાયના લોકો કહી રહ્યા છે કે ખાદ્યાન, ડીઝલ, વીજળી અને જંતુનાશક દવા મોંઘી થવાના પરિણામસ્વરૂપે તેની હાલત કફોડી બનેલી છે. એકબાજુ તમામ ચીજોની કિંમતો વધી રહી છે તો બીજી બાજુ તેમની કોઇ પણ પેદાશ માટે પુરતા ભાવ મળી રહ્યા નથી.

સકંજો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્મારક કૌભાંડને લઈને માયાવતી સામે કાર્યવાહી થશે તેવી શંકા પહેલાથી જ દેખાઈ રહી હતી. બહુજન સમાજ પાર્ટીના બે પૂર્વ મંત્રીઓ અને માયાવતીના નજીકના સાથીઓ નસીમુદ્દીન સિદ્દીકી અને બાબુસિંહ કુશવાહ મારફતે માયાવતી ઉપર સકંજો મજબૂત કરવામાં આવી રહ્યો છે. સમાજવાદી પાર્ટીની સાથે બહુજન સમાજ પાર્ટીએ હાથ મિલાવ્યા છે. તેમની અવધિમાં સ્મારક કૌભાંડની તપાસ વિજિલન્સને સોંપવામાં આવી હતી. સપાના ગાળા દરમિયાન સ્મારક કૌભાંડમાં ગોમતીનગરમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. શરૂઆતી તપાસ તીવ્ર બનાવવામાં આવ્યા બાદ મામલો ઠંડો પડી ગયો હતો. ઈડીના સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો સ્મારક કૌભાંડમાં માયાવતીની તકલીફમાં વધારો થઈ શકે છે. ૧૪ અબજના કૌભાંડમાં મામલો ગરમ બને તેવા સંકેત છે.

બે ટકાનો વધારો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સરકારના નિર્ણયનો અમલ આવતીકાલથી લાગુ કરવામાં આવશે. કર્મચારીઓને એક સાથે રોકડમાં એરિયર્સ મળશે. માર્ચ મહિનાના પગારમાં એક સાથે એરિયર્સ મળશે. જેમાં રાજ્ય સરકાર પર વાર્ષિક રૂ.૭૭૧ કરોડ ભારણ વધશે. સરકારની આ મોટી જાહેરાતને પગલે સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સમાં ભારે ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

૩૫ બ્લોક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કડુસલો બોલાવી નવા મકાનો બાંધવા માટે પણ પ્લાનીંગ કરાયુ છે. જયારે હજુ પણ સેકટરોમાં દાયકાઓ જુના મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરાશે. શહેરના સે -૬ માં જ -૧ કક્ષાના અત્યંત કંગાળ અને જોખમી આવાસો તોડવા માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. સેકટરમાં સ્થિત ૩૫ જેટલા બ્લોક તોડવા માટે આયોજન કરાયુ છે.

જો કે આ મામલે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ દરખાસ્તને મંજુરી અપાયા બાદ જ -૧ કક્ષાના જુના આવાસો તોડવા માટે આયોજન કરાશે. શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે દાયકાઓ જુના સરકારી આવાસોમાં કર્મચારીઓનો વસવાટ છે .ત્યારે આ મકાનો તોડવા માટે આવાસો ખાલી કરાવાનુ કામ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે.

યુરોપિયન પેટર્ન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ડિઝાઈન પર સર્કલ વિસ્તારને ડેવલપ કરવા માટે આયોજન કરાયુ હતુ. જે અન્વયે ચ-૩ ના સર્કલને વાઈબ્રન્ટ સમિટ પુર્વે જ તૈયાર કરી દેવામાં આવ્યુ હતુ. જેના અંતે હાલ ચ-૩ નુ સર્કલ માર્ગના લેવલથી થોડુ ઉપર કરી દેવાયુ છે.

જયારે આ સર્કલ પર રાહદારીઓને માર્ગ ઓળંગવા માટે ઝીબ્રા ક્રોસિંગ પણ તૈયાર કરી આસપાસના વિસ્તારમાં ગ્રીલ લગાવી દેવામાં આવી છે. જયારે આ વેળાએ શહેરના વિવિધ ચાર સર્કલોને ડેવલપ કરવા માટે આયોજન કરાયુ હતુ. જેમાં પ્રાયોગિક ધોરણે ચ-૩ નો સર્કલ વિસ્તાર વિકસિત કરાયા બાદ હવે આગામી દિવસોમાં ચ-૫ ,ઘ-૩, અને ઘ-૫ નુ સર્કલ પણ આ પેટર્ન પર વિકસિત કરાશે.

શહેરના મુખ્યમાર્ગો પર દોડતા વાહનો સર્કલ વિસ્તારમાં ગતિ નિયંત્રણમાં લાવી શકાય તેમજ માર્ગ સલામતી જોખમમાં ન મુકાય તે માટે અકસ્માત નિવારવા માટે આ નવતર આયોજન કરાયુ છે. આ કામગીરને અનુલક્ષી વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરાશે. ટુંકમાં ટેન્ડર પ્રકીયાના અંતે સર્કલોની કામગીરી હાથ ધરાશે.